ગાંધીનગર સમાચાર
તા. ૪-૧-૨૦૧૫, રવિવાર

તંત્રી સ્થાનેથી....

ગુજરાત પર આતંકવાદની આફત

એક તરફ ગાંધીનગરમાં ગ્લોબલ સમિટની તડામાર તૈયારીઓ ચાલી રહી છે, આખી દુનિયા આગામી દિવસોમાં પાટનગરના આંગણે ઠલવાઈ રહે, એવો માહોલ સરજાયો છે ત્યારે તાકડે તાકડો સાધીને નાપાક આતંકવાદીઓએ અદલ ૨૬/૧૧ જેવો જ ખૂંખાર હુમલો કરવાનો કારસો ગોઠવી દીધો હતો. કોસ્ટ ગાર્ડની તકેદારી અને ગુપ્તચર એજન્સીની તાકીદને લીધે મુંબઈ હુમલા જેવી ખતરનાક દુર્ઘટના થતાં થતાં રહી ગઈ છે. પાકિસ્તાનના વડાપ્રધાન મિયાં નવાઝ શરીફે પેશાવરકાંડ પછી તમામ રાજકીય પક્ષોના આગેવાનોની બેઠક બોલાવીને ત્રાસવાદ વિરૂધ્ધ કડક વલણ અપનાવવાની જાહેરાત કરી હતી તે વાતને ઝાઝો વખત વીત્યો નથી. એમણે સારા તાલિબાન અને ખરાબ તાલિબાન જેવા ભેદભાવ રાખનારા પાક નેતાઓ અને આર્મીના પ્રતિનિધિઓને તાલિબાન કે આતંકવાદી નામે ખરાબ જ હોય, એવો વિચાર ગળે ઉતરાવવાની કોશીશ પણ કરી પરંતુ બધું જ વ્યર્થ! કુખ્યાત આઈએસઆઈ અને પાક આર્મીને વળી ચૂંટાયેલી પાંખની શિખામણ માને ખરાં? ભારતના નવા વડાપ્રધાન નરેન્દ્રમોદી સામે બદલો લેવાની છાશવારે ધમકીઓ આપનાર આતંકનો આકા હાફિઝ સઈદ વારંવાર હિંદુસ્તાનને 'તબાહ' કરવાનો ઈરાદો વ્યકત કરતો રહ્યો છે. ડિસેમ્બરની એકત્રીસમી તારીખે મધરાતે કરાંચીથી નીકળેલી શંકાસ્પદ બોટને પોરબંદરથી બસો નોટિકલ માઈલ છેટે મધદરિયે આંતરીને પડકારવામાં આવી ત્યારે એમાં હથિયાર અને વિસ્ફોટક સામગ્રી લઈ આવનારા આતંકવાદીઓએ આંગ ચાંપી દઈને એમના કાવતરાને દરિયાના પેટાળમાં ડુબાડી દેવાની આત્મઘાતી ચેષ્ટા કરી છે. જો આ બોટમાં દાણચોરીનો માલ હોત તો એ લોકોએ ભારતીય કોસ્ટગાર્ડ સમક્ષ શરણાગતિ સ્વીકારી લીધી હોત. પરંતુ ગુપ્તચર એજન્સી દ્વારા આંતરવામાં આવેલી માહિતી વજુદવાળી હતી. તે ખુદ શંકાસ્પદ નાવના નાવિકો દ્વારા એને આંગ ચાંપી દઈ વિસ્ફોટકોથી ખુદ પોતાની જાતને ઉડાવી દેવાના અંતિમવાદી પગલાથી પુરવાર થઈ ગયું છે. નાવમાં આવી રહેલા પાક આતંકવાદીઓને મુંબઈ હુમલાનું જ પુનરાવર્તન કરવાના બદ ઈરાદાસર મોકલી અપાયા હતા. એમનાં સંબંધીઓને પાંચ-પાંચ લાખ રૂપિયા પહોંચાડી દીધા હોવાનો સંદેશો પણ આંતરવામાં આવ્યો હતો. આ બોટનો મોતનો સામાન મુંબઈ હુમલાના જ પેટર્ન પર કોઈ ભારતીય નાવ કબજે કરી એમાં ટ્રાંસફર કરવાનું આયોજન હતું. પરંતુ એવું કંઈ બની શકે એ પહેલાં જ એમના માથે કયામત તૂટી પડી, તેથી ગુજરાત હાલ પૂરતું જરૂર બચી ગયું લાગે છે. જો કે લશકરે તોયેબા જેવી આતંકવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલી સંસ્થા આવી એકાદ નિષ્ફળાથી પારોઠનાં પગલાં ભરે કે એની ખૂંખાર પ્રવૃત્તિ છોડી દે, એ વાતમાં માલ નથી. ગુજરાતના માથે સંકટનાં વાદળ ઘેરાયેલાં છે. માથે લટકટી તલવાર જેવી સ્થિતિમાં ગાંધીનગરની વાઈબ્રન્ટ ગુજરાત-ગ્લોબલ શિખિર પરિષદ સંપન્ન પણ થઈ જશે, પરંતુ આતંકના ઓછાયામાંથી આપણે બહાર આવી ગયા-એવા ભ્રમમાં રાચવું પોસાઈ શકે એમ નથી. પાકિસ્તાનમાં શાસક તરીકે ચૂંટાયેલી સરકાર ભલે બેઠી હોય, પરંતુ એનું પાક આર્મી કે આઈએસઆઈ આગળ કંઈ જ ઉપજતું નથી, તે હકીકત છે. એથી ભારતે સતત જાગતા રહેવાની જરૂર છે. અને આંતરરાષ્ટ્રીય મંચ પર દબાણ લાવી પાકિસ્તાનને ત્રાસવાદી દેશ જાહેર કરાવવાની તાકીદે જરૂર છે. પ્રેસિડન્ટ ઓબામા પ્રજાસત્તાક દિવસની પરેડના મુખ્ય મહેમાન તરીકે પધારી રહ્યા છે. ત્યારે મધદરિયે બનેલી આતંકવાદી દુર્ઘટના સબબ પાકિસ્તાન પાસે ખુલાસો માંગવાની જરૂર છે. દરિયાનાં અતલ ઉંડાણોમાં ગરક થઈ ગયેલા આતંકનું પગેરું લઈ ભારતીય નૌ સેનાએ પાકિસ્તાનના નાપાક ચહેરાને કાયમી ધોરણે યાદ રહી જાય એવી લપડાક મારવાની જરૂર છે.

સ્કૂલ ઓફ એચિવર દ્વારા દ્વિતીય પેરેન્ટ્સ સ્પોર્ટસ ડે યોજાયો

ગાંધીનગર, તા. ૩

સ્કૂલ ઓફ એચિવર - કુડાસણ દ્વારા તા.૩ જાન્યુઆરીને શનિવારે સવારે ત્રણ કલાક સુધી શાળાના વાલીગણ માટે 'દ્વિતીય પેરેન્ટ્સ સ્પોર્ટસ ડે' સફળતાપૂર્વક યોજાઈ ગયો. શાળાના સેન્ટ્રલ કોર્ટ યાર્ડમાં ખૂબ આનંદભર્યા વાતાવરણમાં પદ્ધતિસર અને સફળતાપૂર્વક યોજાયેલા આ સ્પોર્ટસ ડેમાં બાળકોના માતા-પિતાએ વ્યક્તિગત રીતે તથા સાથે રહીને મોટી સંખ્યામાં જોડાઈને પોતાની પસંદગીની રમતોમાં પોતાનું શ્રેષ્ઠ પર્ફોમન્સ રજૂ કર્યું હતું. દર વર્ષે પેરેન્ટ્સ અને ગ્રાન્ડ પેરેન્ટ્સ માટે વિશિષ્ટ કાર્યક્રમો યોજીને તથા દર વર્ષે નિતનવું, આગવું અને અલાયદું આયોજન કરીને સ્કૂલ ઓફ એચિવર શાળા પરિવાર સૌને પારિવારિક ભાવનાથી જોડી રહી છે.

પેરેન્ટ્સને વિવિધ ગ્રુપની મનોરંજક રમતોમાં રમતાં જોવાનો શાળાનાં બાળકોને અનેરો આનંદ મળે, સંસ્થાના વિશિષ્ટ કાર્યક્રમોમાં પેરેન્ટ્સ પારિવારિક ભાવનાથી જોડાય અને આત્મીયતા વધે, યુવા પેરેન્ટ્સની શાળા/કોલેજ સમયની વિવિધ રમતોની સ્મૃતિ તાજી અને ઉજાગર થાય, પેરેન્ટ્સ દ્વારા પોતાના પાલ્યને પ્રેમ, પ્રેરણા અને પ્રોત્સાહનનું પ્રેરક ભાથું મળી રહે તે હેતુથી યોજાયેલા પેરેન્ટ્સ સ્પોર્ટસ ડે માં બાળકોના વાલીઓએ વિવિધ ગ્રુપની રમતોમાં જોડાઈને, ખેલદિલીથી રમીને, શાળાના આયોજનને ભારે ગૌરવ સાથે સફળતા અપાવી હતી, જેમાં નીચેની વિવિધ મનોરંજક રમતોમાં સૌ જોડાયા હતા. રમતો હતી... લેડીઝ ગેઈમ્સ કોમ્પિટીશન (૧) બૂક બેલેન્સીંગ (૨) લેમન સ્પૂન (૩) સોય-દોરો, જેન્ટ્સ ગેઈમ્સ કોમ્પિટિશન (૧) ઑબ્જેક્ટ રેસ (૨) હૂપ રેસ (૩) ઑફ ટુ ઑફિસ, કપલ્સ ગેઈમ્સ કોમ્પિટિશન (૧) બલૂન રેસ (૨) થ્રી લેગ્ડ રેસ (૩) બાસ્કેટ ધ બોલ, જનરલ ગેઈમ્સ કોમ્પિટિશીન (૧) મ્યૂઝીકલ ચેર (૨) કોથળા દોડ (૩) ટગ ઑફ વોર, ફેમિલી ગેઈમ્સ કોમ્પિટિશન (૧) રીલે રેસ (૨) ફિલ ધ બકેટ. બંને મીડિયમમાં પેરેન્ટ્સ સ્પોર્ટ્સ ડે માં મોટી સંખ્યામાં વાલીઓએ ઉત્સાહથી અને જુસ્સાથી ભાગ લીધો હતો. શાળાનાં બાળકોને તેમના પેરેન્ટ્સને રમતાં, દોડતા અને ગેઈમ્સમાં જોડાતાં જોઈ ખૂબ મજા પડી હતી.



સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી પ્રજ્ઞેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિ અને ભાગીદારી સાથે સ્કૂલની કોર ટીમના સભ્ય સુશ્રી ઝીલ પટેલે સમગ્ર સેશનનું સુચારુ સંચાલન કર્યું હતું, જેમાં શાળાના તમામ પરિવારે સહયોગ આપ્યો હતો. શ્રી પ્રકાશભાઈ પટેલ, શ્રી દિલીપભાઈ લિંબાચિયા તથા શ્રી સુશીલ ઠાકુરે સફળતાપૂર્વક એન્કરીંગ કર્યું હતું. શાળાના તમામ વિષય શિક્ષકો, પ્રવૃત્તિ શિક્ષકો અને વ્યાયામ શિક્ષકોએ ખડેપગે રહીને સ્પોર્ટસ ડેના આયોજનને સફળ બનાવ્યું છે. શાળા પરિવાર તરફથી ભાગ લેનાર અને વિજેતા બનેલા તમામ વાલીમિત્રોનો આભાર વ્યક્ત કરી તેમને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

રમેશિમ ઈન્ટરનેશનલનું સેવા કાર્ય

ગાંધીનગરના રમેશિમ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા તા. ૩જી જાન્યુઆરીએ ઝુંપડપટ્ટીમાં રહેતા અને ભણતાં બાળકોને ઠંડીથી રક્ષણ મળે તે માટે બુટ-મોજાં-મોજડી વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રોબી, એસ.બી. ભટ્ટ, સૌરભ, નિતિન, સુરજ, ગોવિંદભાઈ, વર્ષાબેન, મનોજભાઈ અને મનિષ વગેરે સભ્યોએ સહકાર આપ્યો હતો.

ગાંધીનગર મહાનગરપાલિકા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા-૨૦૧૪ યોજાઈ ગઈ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના ઓમકાર વિદ્યાલય ખાતે મહાનગરપાલિકા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા-૨૦૧૪નું તાજેતરમાં આયોજન થયું હતું. જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડીની એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની ૪૩ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો અને ૧૨ સ્પર્ધામાં નંબર પ્રાપ્ત કર્યા હતા.

જેમાં આ વિભાગમાં રાધિ કે. પટેલ નિબંધમાં બીજા સ્થાને, બિનલ રબારી વક્તૃત્વમાં બીજા સ્થાને, મલેક અલસિફા સર્જનાત્મકમાં બીજા સ્થાને, હની પટેલ એક પાત્રીયમાં પ્રથમ સ્થાને, રાઠોડ હની લગ્નગીતમાં પ્રથમ સ્થાને નંબર પ્રાપ્ત કર્યા હતા. અને બ વિભાગમાં પ્રિયા ભાયાણી નિબંધમાં પ્રથમ સ્થાને, મૈત્રી મહેતા ચિત્રકલામાં પ્રથમ સ્થાને, નિકીતા દેસાઈ સર્જનાત્મકમાં પ્રથમ સ્થાને, વિશ્વા દવે એક પાત્રીયમાં બીજા સ્થાને નંબર પ્રાપ્ત કર્યા હતા. જ્યારે ખુલ્લા વિભાગમાં સલીકા બલોચીયા લોકગીતમાં ત્રીજા સ્થાને, ખુશી પારેખ લોકવાર્તામાં બીજા સ્થાને અને સમુહગીત તથા લોકનૃત્યમાં બીજા સ્થાનના નંબર પ્રાપ્ત કર્યા હતા.

આ પ્રતિભા શોધ સ્પર્ધામાં જય પ્રકાશ વિદ્યાલયમાંથી આઠ વિદ્યાર્થીઓએ એકથી ત્રણ નંબર પ્રાપ્ત કર્યા છે. જેમાં વિશાલ રબારી નિબંધ સ્પર્ધામાં પ્રથમ, સોનલ રબારી વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથિમ, જ્યોતિ રબારી વક્તૃત્વ સ્પર્ધામાં બીજો, રાજસિંહ ઠાકોર ચિત્રકલામાં બીજો, રાજેશ ગોહીલ એક પાત્રીય અભિનયમાં બીજો, આયુસી વેગડા ભજનમાં ત્રીજો, અનિલ ચૌધરી એક પાત્રીય અભિનયમાં ત્રીજો અને જૈવિન પટેલ વક્તૃત્વ સ્પર્ધામાં ત્રીજો નંબર પ્રાપ્ત કર્યો હતો. તમામ વિજેતા વિદ્યાર્થીઓને શાળાના સંચાલક મંડળ, આચાર્ય તથા શિક્ષકગણે અભિનંદન પાઠવ્યા હતા.

આર.એન. પટેલમાં વાલી મિટિંગ યોજાઈ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના કડી સર્વવિદ્યાલય કેમ્પસમાં આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં ધોરણ-૧ ના વાલીઓની મિટિંગ યોજવામાં આવી હતી. આ વાલી મીટીંગમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયા હતા. જેમાં ૪૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. આ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં દેશભક્તિ ગીતો, નૃત્યો, વેશભૂષા અને રમતોત્સવ પણ યોજાયો હતો.

આક્રમક કપ્તાનની શાંત વિદાય - વી વીલ મિસ યુ માહી...!!!

યુસુફ યોહાનાએ ચપળતાથી દડાને રોક્યો અને ડાઈરેકટ થ્રો કર્યો સ્ટમ્પ પર અને માસ્ટર બ્લાસ્ટર સચિન તેંદુલકર રનઆઉટ...!!! સચિનનો સ્કોર ફક્ત ૨ રન અને ભારત ૨૬/૧. વિશાખાપટનમના સ્ટેડીયમમાં સન્નાટો...!!! દર્શકોની નજર પેવેલિયન પર... કટ્ટર દુશ્મન પાકિસ્તાન સામેનો મેચ આમેય હાઈ ટેન્શન વાયરથી કમ નાં હોય. દર્શકો રાહ જોઈ રઝા હતા ભારતીય કેપ્ટન ગાંગુલીના મેદાન પર આવવાની પણ બધાના આશ્ચર્ય વચ્ચે એક નવોદીત એના ઝટીયા લહેરાવતો બહાર નીકળ્યો. મેચ આગળ વધ્યો. વીરૂના ૪૦ બોલમાં ૭૦, ખરાબ ફોર્મવાળા ગાંગુલીની ૨૨ બોલમાં ૯ રનની ધીમી રમતની વિદાય પછી દ્રવિડે આ નવોદિતની ક્ષમતાને સિંગલ સિંગલ લઈને મોકળાશ આપી ને આ નવોદીતે પણ એનો પૂરો ફાયદો ઉઠાવ્યો. મેદાનમાં ચારેકોર નિર્દયતાથી અને પૂરી શક્તિથી એણે પાકિસ્તાની બોલરો પર પ્રહાર કર્યા. ફક્ત ૮૮ બોલમાં જ પોતાની પ્રથમ વન-ડે સદી અને ૧૨૩ બોલમાં ૧૪૮ રન ઠોકીને જયારે એ આઉટ થયો ત્યારે ભારત ઓલમોસ્ટ ૩૦૦ રન બનાવી ચુક્યું હતું ને એમાં અર્ધા આ નવોદિતના હતા. ૧૫ ચોક્કા અને ચાર છગ્ગાવાળી આ વિક્રમી ઈનિંગ રમીને જયારે આ નવોદિત પેવેલિયન તરફ આવી રઝો હતો ત્યારે દર્શકો અને સાથી ખેલાડીઓએ પડેલી જોરદાર તાલીઓમાં સૌથી વધુ તાળી સહેવાગે પાડેલી કેમકે સૌથી વધુ હાશકારો એને જ થયો કે હાશ ચાલો કોઈ તો છે જે ભારતીય ઈનીન્ગનો ધમાકેદાર પ્રારંભ કરવામાં મારો સાથ આપી શકે એમ છે. આ હતો કેપ્ટન કુલ માહી ઉર્ફે મહેન્દ્રસિંહ ધોનીની વન-ડે કેરિયરનો ધમાકેદાર આરંભ. !!!! જો કે આ કઈ ધોનીની પહેલી વન-ડે ઈનિંગ તો નહોતી જ કેમકે આ પહેલા બાંગ્લાદેશ સામે ચાર વન-ડે રમી ચુકેલો હતો અને ડેબ્યુ મેચમાં જ ઝીરોમાં રન-આઉટ થયેલ માહી બાંગ્લાદેશ સીરીઝમાં કઈ ખાસ ઉકાળી શકેલ નહિ છતાયે એને પાકિસ્તાન સામેની સીરીઝમાં લેવામાં આવ્યો અને વિશાખાપટનમમાં મળેલી એ તક ઝડપીને માહીએ ઈતિહાસ સર્જી દીધો.

આટલી લાંબી પ્રસ્તાવના લખવાનું કારણ એ જ કે આવી ધમાકેદાર શરૂઆત કરનાર ધોનીની ટેસ્ટ ક્રિકેટમાંથી વિદાય એનાથી વિપરીત સાવ શાંત રહી. જો કે માહી જેનું નામ, એના કોઈ નિર્ણયો પર વિવાદ નાં થાય તો જ નવાઈ ખાસ કરીને એની છેલ્લા ચારેક વર્ષની કારકિર્દીમાં વિવાદો સતત ચાલતા જ રઝા છે પછી ભલેને એ આરામ કરવાના બહાને સીરીઝો નાં રમવા જેવા ગંભીર પણ હોય કે પછી ઈજાઓના બહાને ટેસ્ટ નાં રમવાના હોય. ઓસ્ટ્રેલીયા સામેની ત્રીજી ટેસ્ટ ડ્રો થતાવેત જ માહીએ કરેલી ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃતિની જાહેરાતે ક્રિકેટ રસિકોથી માંડીને ખેલજગતમાં મિશ્ર પ્રત્યાઘાતો પાડ્યા છે. બધા પોતપોતાની રીતે ધોનીના આ નિર્ણયની આલોચના કે સમર્થન કરી રઝા છે અને સામે છેડે એઝ યુઝવલ ધોની ખુલાસો આપવાથી બચી રઝો છે. ધોનીની કેરિયરના છેલ્લા થોડા વર્ષોમાં એની આસપાસ એક ઉત્તેજના અને સંશયો કે પબ્લીસીટીનું જાળું હમેશા રચાયેલું રઝું છે એમાં ધોનીની ઓછા ખુલાસા કરવાની ટેવ પણ કદાચ કારણભૂત હોય શકે. ધોનીએ શાંતિથી એક જ બેઠકે બેસીને આપેલા ઈન્ટરવ્યુની સંખ્યા કદાચ આંગળીના વેઢે ગણી શકાય એટલી જ નીકળશે. એ હમેશા મીડિયાથી દુર ભાગતો રઝો છે અને એકદમ જરૂરી હોય તો જ ખુલાસા આપવાની ટેવ વાળો છે.

કારણ સાફ છે... વન-ડેની જેમ જ ધોનીએ ટેસ્ટમાં પણ અનેકોવાર જોરદાર રમત ખેલી બતાવી છે. વિશાખાપટનમમાં જે પાકિસ્તાન સામે સટાસટી બોલાવેલી એ જ પાકિસ્તાન સામે એકાદ વર્ષ પછી ૨૦૦૬મા ફૈસલાબાદ ટેસ્ટમાં ૧૦૭ રનથી ફોલોઓન બચાવવા જજુમતા ભારત માટે ઈરફાન સાથે મળીને ફક્ત ૯૩ બોલમાં જ પોતાની પ્રથમ ટેસ્ટ સદી પણ ફટકારી દીધેલી. આક્રમકતા એ ધોનીના સ્વભાવની ખાસિયત હતી. અહી હતી કહેવું કે છે કહેવું એ જરા મુશ્કેલ છે કેમકે હજુ પણ ધોની વન-ડે અને ટી-૨૦નો કઝાન છે જ પણ ટેસ્ટની વાત કરીએ તો યસ એની આક્રમકતા અને મેદાન પર સાથી ખેલાડીઓથી લઈને ક્રિકેટ આલોચકોને આચકો આપતા નિર્ણયો લેવાની એની આવડત કમાલ હતી એમ નાં નહિ. ભારતીય ક્રિકેટમાં સૌરવ ગાંગુલી આક્રમક કેપ્ટન તરીકે જાણીતો છે અને એના પછી કદાચ ધોની જ એકમાત્ર એવો કેપ્ટન છે જે ચાહે વન-ડે હોય કે ટેસ્ટ પણ એની આક્રમક બેટિંગ કે કઝાની માટે વખાણવા લાયક છે.

ધોનીની ટેસ્ટ કેરિયરને બે ભાગમાં વહેચવી પડે. એક અનીલ કુંબલે પાસેથી કઝાની સંભાળી એ ૨૦૦૮થી ૨૦૧૧ અને બીજું ૨૦૧૧થી ૨૦૧૪. ધોનીની કઝાનીના આ બંને અલગ અલગ દોર છે. પહેલા ગાળામાં ધોનીની કઝાનીમાં ભારતે ૨૪માંથી ૧૪ ટેસ્ટમેચ જીતેલા જેમાં ઘરઆંગણે રમાયેલા ૧૫ ટેસ્ટમાંથી જીતેલા ટેસ્ટોની સંખ્યા ૧૦ હતી જયારે એક જ ટેસ્ટ હારેલા. ખાલી ઘરઆંગણે જ શેર હતા એવું નહિ પણ એ સમયગાળામાં વિદેશોમાં પણ ટીમનું પ્રદર્શન બેસ્ટ હતું કે જયાં ૯ માંથી ૪ જીતેલા અને ફક્ત ૨ જ ટેસ્ટ હારેલા. એ ધોનીનો ટેસ્ટ ક્રિકેટમાં શ્રેષ્ટ સમય હતો એની ખુદની એવરેજ પણ ૫૦ની આસપાસ હતી. ડ્રેસિંગ રૂમનો માહોલ પણ એના કુલ સ્વભાવને લીધે વધુ અકબંધ અને એક રહેતો. સચિને કહેલું કે બધા કઝાનોમાં ધોનીના સમયે ડ્રેસિંગરૂમનું વાતાવરણ મને સૌથી સારું લાગ્યું.

પણ સમય બદલતો રહે છે એ ન્યાયે ૨૦૧૧માં વર્લ્ડ કપની જીત પછી ભારતીય ટેસ્ટ ક્રિકેટને ઝાંખપ લાગી ગઈ. એ પછીના વિદેશોમાં રમાયેલા ૨૧ ટેસ્ટમાંથી ભારત ૧૩ હર્યું જેમાં ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલીયા સામે થયેલો વ્હાઈટ-વોશ સામેલ છે. એક સમયે કુલ લાગતો ધોની અચાનક મેદાન પર મુર્ખની જેમ નિર્ણયો લેતો નજરે પડ્યો. ગેમ એના ગેમ-પ્લાન વગર રમાતી હોય એવું લાગ્યા કર્યું. ધોનીની કઝાની નીચે ભારતીય ટીમ ફક્ત ત્રણ જ દિવસોમાં ટેસ્ટમેચમાં ધૂળ ચાટતી નજરે પડી અને ધોની એવા વિધાનો આપતો રઝો કે પાચ દિવસમાં હારીએ કે ત્રણ દિવસમાં શું કેર પડે છે ? હાર અંતે હાર જ છે? પણ એના વિધાનો અને મેદાન પરની એની બોડીમુવમેન્ટ કૈક અલગ જ ચાડી ખાઈ રહી હતી. એક સમયે કેપ્ટન કુલ અને વ્યૂહ રચનાનો માસ્ટર ધોનીના સઘળા દાવ ઉંધા પાડવા લાગ્યા. સહેવાગ, ગંભીર સાથેના મતભેદો કે પછી રૈના, આર.પી. કે જાડેજા જેવાને ટેસ્ટટીમમાં રમાડવાના નિર્ણયો એકતરફી લાગવા માંડ્યા ને આ બધા વચ્ચે વિરાટ કોહલીનો ઉદય થઈ રઝો હતો. ઓલ વોઝ નોટ વેલ એટ ઓલ!!!

ખેલાડીઓ પણ ધોનીના પ્લાનથી વિપરીત રમતા હોય એવું લાગવા માંડ્યું અને જયારે ખરેખર ટીમને માર્ગદર્શક કે પ્રરણાની જરૂર હતી ત્યારે એઝ અ કઝાન પણ ધોની બેટીગમાંપણ ઉણો ઉતર્યો. ૨૦૧૧ પછીના ગાળામાં ધોનીની બેટિંગ એવરેજ પણ ૫૦ થી ગગડીને ૨૬ની આસપાસ આવી ગઈ. ધોની ટીમમાં નવા ખેલાડીઓ અને નવા બોલરોનો પ્રયોગ કરતો રઝો પણ નસીબે એટલીસ્ટ ટેસ્ટ પુરતું છેલ્લા ચારેક વર્ષોમાં એને સાથ નાં આપ્યો. ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલીયા સામે એની રણનીતિ અને બોલરો બંને વામણા દેખાયા. ધોની ટીમને એક તાંતણે બાંધી રાખવામાં નિષ્ફળ નીવડ્યો અને એમાં ભળ્યું ફટાફટ ક્રિકેટનું ખણખણતું આકર્ષણ. ધોની સહીત લગભગ ખેલાડીઓનો જીવ આ થોડું રમો અને વધુ કમાઉ ફોરમેટમાં વધુ લાગતો ગયો. ધોની ટેસ્ટ ટીમનો સફળ કઝાન છે એની નાં નહિ કે એણે આપેલા યોગદાનો કે વિરાટ વિજયોને અવગણવાનો કોઈ ઈરાદો નથી પણ સાથે સાથે એ પણ હકીકત છે કે છેલ્લા ૨-૩ વર્ષોથી ટેસ્ટક્રિકેટમાં મળેલા પરજયોએ એને કદાચ હચમચાવી મુક્યો હશે.બીજું કે ૨૦૦૮થી વધુ ખરાબ પોલીટીકસ પણ બીસીસીસાઈમાં રમાતું થયું છે એ પણ કારણ હોય શકે.જો કે બીસીસીસાઈને ધોનીએ હમેશા ગજવામાં જ રાખીછે. પણ એ તો જયાં સુધી એના પત્તા ચાલતા હતા ત્યાં સુધી કોઈ કશું ના જ બોલ્યું પણ જેવો નિષ્ફળ જતો ગયો કે રવિ શાસ્ત્રી જેવાએ તુર્ત જ કહેલું કે ધોનીએ ક્રિકેટ પર વધુ અને એના બીજનેસો પર ઓછું ધ્યાન આપવાની જરૂર છે કારણ કે ધોની ક્રિકેટ સિવાય ટીમો ખરીદવામાં, જાહેરાતો કરવામાં અને પોતાના અન્ય ધંધાઓમાં વધુ દેખાવા લાગ્યો હતો.

પોતાની ટેસ્ટ કઝાનીમાં ભારતીય ટીમને ઐતિહાસિક રીતે ટેસ્ટ ક્રિકેટમાં નંબર વનના સ્થાને પહોચાડનાર ધોનીની એક્ઝીટ મારી જેમ ઘણા બધાને થોડી ઉતાવળી કે પછી દાલમેં કુછ કાલા જેવી લાગે તો એમાં ફાળો ધોનીએ કરેલી નિવૃતિની જાહેરાતના સમયની સાથે સાથે વિરાટના વિરાટ ઉદયનો પણ હોય શકે છે એવું નાં માનવાને કોઈ કારણ નથી જ. હું વન-ડે અને ટી-૨૦ પર વધુ ધ્યાન આપવા માંગું છું એવું ધોનીનું કારણ એક રીતે જોવા જાવ તો વ્યવહારુ લાગે પણ સચોટ તો નથી જ લાગતું કારણ કે ધોની એ પોતાની કઝાનીમાં છેલ્લા ૨-૩ વર્ષોમાં ઘણી હારો પણ જોઈ જ છે. જો કે એની એ વાત સાથે સહમત થઈ શકાય કે ભારત જેવા ક્રિકેટપ્રેમી દેશની ટીમના રમતના ત્રણેય ફોરમેટમાં કઝાન થવું અને ચાહકોને અપેક્ષિત પરિણામો લાવતું રહેવું એ અઘરું કામ છે. પણ સાવ અચાનક આ રીતે સીરીઝનો એક ટેસ્ટ મેચ બાકી છે ત્યારે લીધેલો આ નિર્ણય જાણ્યે અજાણ્યે શંકાની ચિનગારી તો ચાપી જ જાય છે.

વિદેશોમાં રમાયેલા ૩૦ ટેસ્ટમાંથી ૧૫માં ભારતની હારે ધોનીને એ વિચારવા મજબુર કરી મુક્યો હશે કે એ પોતે ટેસ્ટ કઝાની પર પુરતું ધ્યાન નથી આપી શકતો ને એમાં ખેલાડીઓનો દોષ કાઢવાને બદલે એણે પોતે જ પોતાની જાતને મુક્ત કરવાનો નિર્ણય લીધો હોય એ વધુ માન્ય છે. બીજું અને વધુ સોલીડ કારણ છે વિરાટ કોહલી તરફ બિસિસિઆઈનો વધુ પડતો જુકાવ. તાજેતરમાં જ ધવન-વિરાટ એપિસોડનું બહાર આવવું એ વાતનો સંકેત છે કે વિરાટની બોર્ડ પર પકડ મજબુત બની રહી છે. એક સમયે બોર્ડ પાસે પોતાનું ધાર્યું કરાવી શકતો ધોની વિરાટની વધતી જતી પકડ અને શાસ્ત્રીની કોહલીથી નજદીકિયા જેવા બનાવોને બોર્ડની મરજી સાથે જોડીને જોતો થઈ ગયો હશે. સતત મળતી નિષ્ફળતાને લીધે કદાચ બોર્ડ એની કઝાનપદેથી હકાલપટ્ટી કરીને વિરાટને કઝાન બનાવે એવા દિવસો આવે એ પહેલા જાતે જ માનભેર ખસવાનું એણે વધુ પસંદ કર્યું હોય એ પણ એક શક્યતા છે અને એ માનભેર ખસી પણ ગયો. હજુ પણ ૨-૩ વર્ષ ટેસ્ટ ક્રિકેટ રમી શકે એમ હોવા છતાં પણ આટલું માનભેર અને પલકભરમાં કઝાની છોડવા માટે જીગર જોઈએ અને એ માટે પણ માહી ને બીગ બીગ સેલ્યુટ !!!

છેલ્લા ઘણા સમયથી ધોની જાહેરાતો અને એના પ્રમોશનોમાં પોતાને વધુ વ્યસ્ત રાખતો દેખાય રઝો છે. આઈપીએલના કોથળામોઢે રૂપિયાની ચમક ધોની અને બીજા અનેક ખેલાડીઓના મોઢાઓ પર ચમકી રહી છે. ઈજાના નામે સીરીઝ ડ્રોપ કરવી અને પછી પોતાના એન્ડોર્સમેન્ટ માટે રખડપટ્ટી કરવી ધોનીના કેસમાં આમ વાત થઈ ગઈ છે. ને અધૂરામાં પૂરું આઈપીએલનું સ્પોટ પ્રકરણ ધોનીની રાહ જોઈ રઝું છે. શ્રીનીવાશનની દોસ્તી ધોનીને ભારે પડશે એવા એંધાણ દેખાઈ રઝા છે. જો રાજકારણ આ સ્પોટ પ્રકરણ પર હાવી નાં થાય તો ધોની સહિતના એક્યુઝોની આબરૂ ધૂળમાં મળશે એ નક્કી છે. ચોક્કસપણે ધોનીના દિમાગ પર ટેસ્ટમાં હારના ટેન્શનની સાથે સાથે આ પણ ચિંતા અસર કરતી જ હશે અને ભારતીય બોર્ડની ફિતરત મુજબ એના માંધાતાઓ પોતાને બચાવવા ગમે એને બલીનો બકરો બનાવી દેતા અચકાઈ એવા નથી. સાચું કારણ જે હોય તે પણ ટેસ્ટ ક્રિકેટમાં ભારતીય ટીમને એક સફળ કેપ્ટનની સાથે સાથે કાબેલ વિકેટકીપર - બેટ્સમેનની ખોટ પૂરતા વર્ષો નીકળી જશે એ ચોક્કસ વાત છે. ચોક્કસપણે ધોની કોઈ મહાન કઝાન તો ના જ કહી શકાય પણ એણે પરીસ્થીઓથી વિપરીત પોતાને અને ટીમને સફળ કરી બતાવી એ અર્થમાં પણ આ જો અને તો ને બાજુ પર રાખીને પણ ધોનીની ભારતીય ટેસ્ટ ટીમના ખેલાડી અને પછીથી કઝાન તરીકેની ઈનિંગમાં એણે ભારતને અપાવેલા અનેક વિજયો અને મેદાન પર બતાવેલી આક્રમકતા, બહેતરીન વિકેટ-કીપિંગ અને મેદાન પરની કુલનેસ માટે એક બીગ સેલ્યુટ તો બનતા હૈ !!! વિ વિલ મિસ યુ માહી !!!

વિસામો -

ટેસ્ટમાંથી વિદાય થયેલા ધોનીની વન-ડે માં કઝાન તરીકે વર્લ્ડ-કપ કદાચ છેલ્લી ટુર્નામેન્ટ બની રહે તો નવાઈ નહિ.

રઝળપાટ
અજય ઉપાધ્યાય
akurjt@gmail.com